R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયુબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા . ટે.નં(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?(હા)-(ના) (સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

If undelivered pl. return to; કાર્યાલય :૨/૧૦ (૩૦૮)સોલિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજ રોડ, નારાયણનગર પાલડી, અમદાવાદ-૭

YEAR-28 • ISSUE: 30 DATE: 27-07-2019• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/

## લગ્ન સમારોહમાં ભોજનના બગાડ કરવા સામે સરકાર પાંચ લાખનો દંડ લેશે

હોટેલ,રેસ્ટોરન્ટ તેમજ લગ્ન સમારોહના ભોજનનો બગાડ થશે તો ભારે દંડ ભરવો પડશે. જમવાનું બગાડ કરનાર હોટલ, રેસ્ટોરન્ટ અને લગ્નના ઘર પર ટુંક સમયમાં પાંચ લાખ રુપીયાના દંડની જોગવાઈ થઈ શકગે તે માટેનો ડ્રાફટ ફુડ સેફટી એન્ડ સ્ટાર્ડન્ડ ઓથોરીટી ઓફ ઈન્ડીયા એટલે એફએસએસએઆઈ દ્વારા તૈયાર કરાયો છે.આ ડ્રાફટ મંજુર કરવા માટે કેન્દ્રના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયને મોકલવામાં આવ્યો છે.હોટલો, રેસ્ટોરન્ટ અને લગ્નોમાં જમવાના બગાડ એ સામાન્ય બાબત બની ગઈ છે. લોકોને ખબર નથી કે વધેલો ખોરાક ક્યાં અને કેવી રીતે વાપરવો જોઈએ. જમવામાં વધેલા ખોરાકને રોકવા માટે પહેલ કરવાની શરુઆત થવાની છે તેથી હવે ફુડ અને સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડીયા વધેલા ખોરાકના ઉપયોગ વિષેના નિયમ બનાવી રહી છે. ગરીબો સુધી ખોરાક પહોચડવા માટે સરકાર એનજીઓની મદદ લેશે.

વધેલા ખોરાકમાં સ્વચ્છતા અને સ્વચ્છતામાં વિશેષ ધ્યાન લેવું જોઈએ. ખોરાકનું પેકેજ છે તો તેના પર લેબલ હોવું જરુરી છે. ભાજપ પર સમાપ્તિની તારીખ,શાકાહારી અથવા માંસાહાર જેવી વિગતો લખવી પડશે.દાનકર્તા અને દાન લેનાર સંસ્થાએ દરેક પેકના વિતરણની નોંધણી કરવી ફરજીયાત છે. વધેલા ખોરાકને સારી રીતે પેક કરવા અને તેને સાત ડીગ્રી સેલ્સિયસના તાપમાનમાં રાખવો જરુરી રહેશે.

## ઝારખંડમાં વધુ એક મોબ લીચીંગની ઘટનાઃ ટોળાએ મેલી વિદ્યાની શંકાએ પરિવારના ચાર સભ્યોને મોતને ઘાટ ઉતાર્યા

દેશમાં મોબ લીંચીગની ઘટનાએ હવે માઝા મુકી છે. બિહારમાં પશુચોરોના આરોપસર ટોળા દ્વારા ૩ વ્યક્તિની હત્યા બાદ હવે ઝારખંડમાં મોબ લીંચીગની વધુ એક ઘટના સામે આવી છે. ઝારખંડમાં તબરેઝ અન્સારી નામના યુવકને ચોરીના આરોપસર ટોળા દ્વારા મારી નાંખવામાં આવ્યો હતો.ઝારખંડના ગુમલા વિસ્તારમાં એક ટોળાએ એક મહિલા સહિત ચાર વ્યક્તિને ડાકણ અને મંત્ર તંત્ર કરતા હોવાના આરોપ મુકીને લાકડીઓ અને દંડા વડે માર મારીને મોતને ઘાટ ઉતારી દીધા હતા

ઝારખંડના ગુમલાના શિકારી ગામ ખાતે એક ટોળાએ વહેલી પરોઢે એક મકાન પર હુમલો કરીને ઘરમાં રહેતી મહિલા સહિત ચાર લોકોને ટોળાએ લાકડીઓ અને દંડા વરસાવીને મોતને ઘાટ ઉતારી દીધા હતા.આ મામલામાં ૧૨ વ્યક્તિઓ પર હત્યાના આરોપ મુકવામાં આવ્યા હતા.હુમલાખોરો નકાબપોશ બનીને આવ્યા હતા.મૃતકોમાં ફગનીદેવી,ચંપા ભગત,સુના ભગત,અને પેટી ભગતનો સમાવેશ થાય છે.

## મોબ લીચીંગના મામલે ટિપ્પણી કરનાર અભિનેતા એઝાઝખાને જેલ કસ્ટડીમાં મોકલી અપાયા

સોશ્યલ મીડીયા પર ઝારખંડમાં મારઝુડ કરીને કરાયેલ હત્યા સંદર્ભમાં અભિનેતા એઝાઝખાને વીડીયો અપલોડ કર્યો હતો.બીજા વીડીયોમાં પોલીસતંત્રની મજાક ઉડાવતો વીડીયો હતો.પોલીસે સાંપ્રદાયિક ઘૃણા ફેલાવતા કૃત્યને નોંધી તેમની સામે ફરિયાદ કરીને કોર્ટમાં લઈ જતાં કોર્ટે તેમને ૧૪ દિવસની જેલ કસ્ટડીમાં મોકલી આપ્યા હતા.આ પહેલા તેમને એક દિવસની કસ્ટડી આપી હતી.

## છ દાયકાથી વધુ સમય જેમણે પાકિસ્તાનમાં શિક્ષણ ક્ષેત્રે પ્રદાન કર્યુ છે તેવા સી. બેર્ચમેનને બેનીડીક્ટનો પ્રેસ્ટીજીયસ એવોર્ડ વેસ્ટમીનીસ્ટર કેથેડ્રલમાં આપવામાં આવ્યો



પાકિસ્તાનમાં છ દાયકાથી વધુ સમય સુધી જેમણે શિક્ષણ ક્ષેત્રે અદભુત કામગીરી બજાવી તેમને બેનીડીકટનો પ્રેસ્ટીજીયસ એવોર્ડ બ્રિટનના વેસ્ટમીનીસ્ટર કેથેડ્રલમાં આપવામાં આવ્યો.તેમની શિક્ષણ ક્ષેત્રની ઉમદા કામગીરીથી અનેક લોકોને પ્રેરણા મળી છે.તેમણે બજાવેલી ઉમદા કામગીરીમાં તેમના હાથ નીચે ભણેલા કેટલાક વિદ્યાર્થીઓમાં નોબલ પ્રાઈઝ વિજેતા નરગીસ મવાલવાલા હતા.તેમજ પાકિસ્તાનના પુર્વ વડાપ્રધાન સ્વ.બેનજીર ભુટ્ટોએ પણ તેમની પાસે શિક્ષણ લીધું હતું.

સી. બર્ચમાનનો જન્મ ૧૯૨૯માં થયો હતો અને તેઓનું બાળપણ ક્લેરામોરમાં વિત્યું હતું. તેઓ તેમના માતપિતાના ચારબાળકો પૈકી બીજા નંબરે હતા.તેઓએ ભણતર પુરુ કર્યા બાદ રીલીજીયસ ઓફ જીસસ એન્ડ મેરીમાં ૨૨ વર્ષની ઉંમરે જોડાયા હતા.ત્યારબાદ તેઓને કોન્વેન્ટ ઓફ જીસસ એન્ડ મેરી, લાહોર પાકિસ્તાનમાં મોકલી આપવામાં આવ્યા હતા.જ્યાં તેઓએ મુસ્લીમ, ખ્રિસ્તી, પારસી અને હિન્દુ બાળકોને ભણાવ્યા હતા.તેઓએ મુરી અને કરાંચીમાં પણ શિક્ષણ આપ્યું હતું.

વેસ્ટ મીનીસ્ટર કેથેડ્રલમાં આર્ચ બિશપ વિન્સેન્ટ નિકોલસે તેઓને આ એવોર્ડ અર્પણ કર્યો હતો.તેમણે કહ્યુ હતું કે તેઓની શિક્ષણક્ષેત્રે પ્રદાન કરેલી કામગીરી આવનારી અનેક પેઢીઓ માટે પ્રેરણાદાયી બનશે.તેમનુ વ્યક્તિત્વ અનેકો માટે પ્રેરણાદાયી છે.તેમની છ દાયકાથી વધુ સમય માટેની પાકિસ્તાનમાં કરેલી કામગીરીથી આજે પણ પાકિસ્તાનમાં કેટલાક ચર્ચોની દેખભાળ મુસ્લીમો દ્વારા કરવામાં આવે છે જેઓ સામાન્ય નાગરિકો છે.સર્વધર્મસમભાવથી ઉભો કરેલો ભાઈચારો કોમો કોમો વચ્ચે સારા અને સુમેળભર્યા સબંધો વિકસાવવામાં તેમની ભુમિકા અગત્યની રહી છે.

૨૦૧૨માં તેમને પાકિસ્તાનના પ્રેસ્ટીજીયસ એવોર્ડ સિતારા-એ-કાયદે-આઝમ આપવામાં આવ્યો હતો. એ બતાવે છે કે તેમની કામગીરી કેટલી અદ્ભુત હતી.આ મેડલ પણ સેન્ટ મેરી યુનીવરસીટી, ટિન્કનહામ દ્વારા અપાય છે. આ એવોર્ડ શિક્ષણ ક્ષેત્રે કરેલ ઉમદા કામગીરી, તેમજ ધાર્મિક સમભાવ પેદા કરનારા વ્યક્તિત્વ,જાહેર જીવનમાં આપેલ મહા યોગદાન માટે આપવામાં આવે છે.સી.બેર્ચમાન પાંચમી વ્યક્તિ છે જેને આ એવોર્ડ અપાયો છે. અને તેઓ આ એવોર્ડ મેળવનાર પ્રથમ મહિલા છે.

## બાહુબલિ રોકેટ ચંદ્રયાન -ટુને લઇને ચંદ્રમાની સફરે પ્રયાણ કરશે

ઈસરોએ ચંદ્રયાન ટુને ચંદ્રની યાત્રા પર લઈ જનારા રોકેટ જીએસએલવી માર્ક થ્રીનુ રિહર્સલ પુરુ કરી લીધું છે. બાહુબલિના નામે ચર્ચિત આ રોકેટ હવે સામાન્ય રીતે કામ કરી રહ્યું છે. ચંદ્રયાન ટુને ૨૨ જુલાઈએ શ્રી હરિકોટા ખાતેના લોન્ચપેડ ખાતેથી લોન્ચ કરાશે. આ પહેલાં ૧૫ જુલાઈએ આ કામ થવાનું હતું પરંતુ તેમાં ટેકનીકલ ખામીને કારણે પ્રોગ્રામ મુલતવી રાખવામાં આવ્યો હતો. ઈસરોના પુર્વ વડા એ.એસ.કિરણકુમારે જણાવ્યુ હતું કે ચદ્રયાન ટુના લોન્ચીંગ માટેની તમામ પુર્વ તૈયારીઓ થઈ ગઈ છે અને તે સંપુર્ણપણે તૈયાર છે.રિહર્સલ પુરુ થઈ ગયું છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

**http:// jagadishchristian.com**

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવક્રાંતિ

દેશમાં આતંકના મુળીયા ઉખાડી કાઢવા માટે કટિબધ્ધ બનેલી સરકારે લોકસભામાં એક મહત્વનો ખરડો અનલોફુલ એક્ટિવિટિસ(પ્રિવેન્સન)એમેન્ડમેન્ટ બિલ ૨૦૧૯ ને પસાર કરાવી દીધો છે.કોગ્રેસ,બસપા,ટીએમસી અને એનસીપી જેવા પક્ષોએ આ ખરડાનો વિરોધ કર્યો હતો.જો કે લોકસભાની સરકારની બહુમતીના જોરે ખરડો પસાર થઈ ગયો છે.સુધારિત ખરડામાં સંગઠનોની સાથે સાથે આતંકી ગતિવિધિઓમાં સંડોવાયેલા લોકોને પણ આતંકી જાહેર કરવાની જોગવાઈ છે. ટીએમસીના સાસંદે આ ખરડાને ખતરનાક અને લોકવિરોધી ગણાવીને તેને પાછો ખેચવાની માંગ કરી હતી. કોગ્રેસે વિરોધમાં વોકઆઉટ કર્યો હતો.લોકસભામાં પસાર થયા બાદ હવે તેને રાજ્યસભામાં સરકાર પસાર કરાવશે.

આ ખરડો નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી(એનઆઈએ)ને અસીમીત અધિકાર આપે છે અને સત્તા બક્ષે છે.અત્યારસુધી તો તપાસનીસ અધિકારીને રાજ્યના ડીજીપીની મંજુરી લેવી પડતી હતી પરંતુ હવે ફક્ત એનઆઈએના ડિરેક્ટરની જરુર રહેશે.તેમજ ડીએસપી કે આસ.કમિશ્નર ઓફ પોલીસ રેન્કના અધિકારી પણ આતંકી કેસની તપાસ કરી શકશે.જેમને આતંકી જાહેર કરાય તેમની સંપત્તિઓ જપ્ત કરી લેવાશે.

હવે આ ખરડો કાયદો બને પછી સરકાર તેનો કેટલો સદપયોગ કરે છે કે તેના વિરોધીઓને કનડગત માટે તેનો ઉપયોગ કરે છે તે જોવાનું રહેશે. અત્યાર સુધીમાં વિપક્ષોએ સરકારી એજન્સીનો સરકાર દુરપયોગ કરી રહી છે તેવા આરોપો લગાવ્યા છે. પરંતુ આ કાયદાથી એનઆઈએને અમર્યાદ સત્તાઓ મળી રહેશે. એનઆઈએ પીએમઓની દેખરેખ હેઠળ કામગીરી કરે છે.

## મંતવ્ય

દેશના વિવિધ વિસ્તારોમાં બની રહેલી મોબ લિંચીગની ઘટનાઓ વધી રહી છે.કોઈપણ રાજકીય પાર્ટી સત્તામાં હોય તેથી તેના કાર્યકરોને કાયદાનો ભંગ કરી હત્યાઓ કરવાનો પરવાનો મળી જતો નથી.ધર્મની આડ લઈને કરાતું મોબ લીચીંગમાં જયશ્રી રામ ના નારાઓનો ઉપયોગ કરીને ધર્મને ઉતારી પાડવાનું કાર્ય કરી રહેલા કેટલાક કટ્ટરતાને વરેલા સંગઠનોના કાર્યકરોમાટે શરમજનક બાબત છે. કેટલાક નામાંકિત વ્યક્તિઓએ વડાપ્રધાનને આ બાબતે સખ્ત પગલાં લેવા માટે અસરકારક રજુઆત કરી છે. જ્યાં સુધી ઉપરથી સખ્તાઈનો આદેશ આપવામાં આવશે નહીં ત્યાં સુધી નીચેના સ્તરે આ પ્રકારની હરકતો ચાલતી રહેશે.પોલીસ સત્તાધારીઓના સુવાળા સાથે ચાલતા સંગઠનો પ્રત્યે હમદર્દી ધરાવે છે તેથી અપરાધીઓને ખુલ્લો મોકો મલી જાય છે.

લલિત કે પરમાર


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોંચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


# વન-ડે વર્લ્ડ ચેમ્પીયનશીપમાં ઇગ્લેન્ડે ન્યુઝીલેન્ડને ફાઇનલમાં હરાવીને ટુર્નામેન્ટ જીતી




વન-ડે ક્રિકેટના ઈતિહાસમાં કોઈ મેચ ટાઈ પડે અને ત્યાર બાદ પરિણામ લાવવા માટે રમાતી સુપર ઓવર પણ ટાઈ પડે તેવા જુજ કિસ્સાઓમાં હવે વર્લ્ડ કપનો પણ સમાવેશ થઈ ગયો.ભારે રોમાંચ બાદ ઈંગ્લેન્ડે ન્યુઝીલેન્ડ સામે મેચ જીતી લીધી. આ સાથે ૪૪ વર્ષ બાદ ઈંગ્લેન્ડે પહેલી વાર વર્લ્ડ કપ જીતી લીધો હતો.જો કે પહેલા ટાઈટલ માટે ઈંગ્લેન્ડ અને ન્યુઝીલેન્ડ વચ્ચે ભારે રસાકસી સર્જાઈ હતી.જેમાં ઈંગ્લેન્ડનો હાથ ઉપર રહ્યો હતો.છેલ્લા ૪૪ વર્ષથી નસબી ઈંગ્લેન્ડને દગો દઈ રહ્યું હતું પરંતુ આ વખતે નસીબે તેમને સાથ આપ્યો હતો.છેલ્લી સુપર ઓવરમાં ઓવર થ્રોના ચાર રનના બદલે છ રન મળ્યા જે તેમની જીતનો પાયો બન્યા. જો કે ખરેખર તો પાંચ રન જ આપી શકાય છતાં એમ્પાયરે છ રન જાહેર કરતાં ઈંગ્લેન્ડની તરફેણમાં બાજી પલટાઈ ગઈ હતી.સૌથી વધુ બાઉન્ડરી મારવાના નાતે ઈંગ્લેન્ડ વિજેતા જાહેર થયું હતું.ન્યુઝીલેન્ડ સતત બીજી વાર વર્લ્ડ કપમાં ફાઈનલમાં પહોચ્યું અને રનર્સ અપથી સંતોષ માનવો પડયો હતો.બેન સ્ટોક્સ્ ને ફાઈનલમાં મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો . પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ માટે કેન વિલિયમ્સન જાહેર કરાયો હતો.

# ભારતમાં મુસ્લીમો પર થતાં હુમલાઓ રોકવા બ્રિટિશ સરકાર દખલગીરી કરે : લેબર પાર્ટી

ભારતમાં મુસ્લીમ સમાજના લોકો પર થઈ રહેલા હિંસક હુમલા અને અત્યાચારના મુદ્દે યુનાઈટેડ કિંગડમની લેબર પાર્ટીએ ચિંતા વ્યક્ત કરી છે. અને બ્રિટીશ સરકારને આ મુદ્દે ધ્યાન આપવા અને દખલગીરી કરવાની વિનંતી કરી છે. લેસ્ટર સાઉથ વિસ્તારના લેબર પાર્ટીના સાંસદ જોનાથાન એસવર્થે ગયા અઠવાડિયે વડાપ્રધાન પદની રેસના દાવેદાર અને વિદેશ પ્રધાન જેરમી હંટને પત્ર લખ્યો હતો અને માંગણી કરી હતી કે ભારત સરકાર આવા હુમલા રોકવા માટે ખાસ કામગીરી બજાવતી નથી.અને એથી ભારતમાં મુસ્લીમ સમાજની સુરક્ષાના મુદ્દે ચિંતા થાય છે.તેમણે જેરેમી હંટને વિનંતી કરી હતી કે આ બાબતે તેઓ ધ્યાન આપે અને એને રોકવા માટે પગલાં લે. ભારતમાં ખરેખર ચિંતાજનક સ્થિતિ છે. ભારતમાં ધર્મ અને જાતિના નામે હિંસા,રમખાણ અને ભેદભાવ થતો હોવાના અહેવાલો પણ મળી રહ્યા છે. લોકોને તેમના ધર્માના આધારે જીવવાનો અધિકાર છે.

આ પત્રના જવાબમાં ફોરેન એન્ડ કોમનવેલ્થ ઓફિસ(એફસીઓ)ના નામે ઓળખાતી વિદેશ ખાતાની ઓફિસે જવાબ આપ્યો હતો કે અમે પણ જાતિ કે ધર્મના આધારે ભેદભાવભરી જે ઘટનાઓ બને છે એની નિંદા કરીએ છીએ.ભારતમાં લઘુમતી મુસ્લીમ કોમની પરિસ્થિતિ સુધારવા માટે અમે કાર્યરત છીએ.

ગયા મહિને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઝારખંડમાં થયેલી મોબ લીચીંગની ઘટના વિશે દુઃખ વ્યક્તિ કર્યુ હતું તેમણે જણાવ્યુ હતું કે આકેસમાં આરોપીઓને સખતમાં સખ્ત સજા કરવામાં આવે. ઝારખંડ હોય કે પશ્ચીમ બંગાળ,કેરળ હોય કે ઉત્તર પ્રદેશ ,દેશમાં ધર્મના નામે થતી હિંસક ઘટનાઓ રોકવામાં આવે એ બાબતે તેમણે ભાર મુક્યો હતો.

# નવજોત સિધ્ધુએ પંજાબમાં કોગ્રેસના કેબિનેટ મંત્રીપદેથી રાજીનામું આપ્યું

ક્રિકેટરમાંથી રાજકારણી બનેલા નવજોતસિંહ સિધ્ધુએ પંજાબમાં કોગ્રેસના કેબિનેટ મંત્રીપદેથી રાજીનામું આપ્યું છે. તેમણે રાજીનામાનો પત્ર રાહુલ ગાંધીને આપ્યું હતું.

જો કે પંજાબ કોગ્રેસમાં મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદરસિંહ અને સિધ્ધુ વચ્ચે મતભેદો ચાલી રહ્યા હતા. તેના પગલે તેમણે રાજીનામું આપ્યું હતું. લોકસભાની ચુંટણી દરમિયાન બંને વચ્ચે મતભેદો વધુ વકર્યા હતા. નિયમો મુજબ કેબિનેટ મંત્રીએ રાજ્યના મુખ્યમંત્રીને રાજીનામું આપવાનું હોય છે પરંતુ સિધ્ધુએ પોતાનું રાજીનામું રાહુલ ગાંધીને સોંપ્યુ હોવાનું ટ્વિટ કર્યુ હતું.

સિધ્ધુએ લોકસભા ચુંટણીમાં કોગ્રેસના ખરાબ પ્રદર્શનને લઈને પોતાને નિશાન બનાવવામાં આવતા હોવાનો આક્ષેપ કર્યો હતો.સિધ્ધુ પાસેથી પોતાનો વિભાગ લઈ લેવાયો હતો.બાદમાં ઉર્જા વિભાગ આપવામાં આવ્યો હતો જે તેમણે સ્વીકાર્યો નહીં.



# સ્ત્રીનું સન્માન થાય ત્યાં દેવો પણ પ્રસન્ન થાય છે

ઈશ્વર વિશે કંઈ પણ લખવું-બોલવું અતિ અઘરુ છે. એવું જ સ્ત્રી માટે પણ કહી શકાય. 'હરિ તારા નામ છે હજાર 'એમ ' નારી તારા રુપ છે હજાર ' એવું કહેવું હોય તો કહી શકાય. આપણે એ ભુલવું જોઈએ નહીં કે,સ્ત્રી એક માતા છે. ભલે એના અનેક રુપો હોય, પણ એનામાં રહેલા માતૃત્વને શત શત વંદન કરીને પછી જ સ્ત્રી શબ્દ વિશે વાત કરી શકાય.શુંગારશતકમ્ (૨૦)માં કહ્યું છે : મુખ ચંદ્રકાન્તિમણિ જેવું, કેશ ઈન્દ્રીય નીલમણિ સમાન અને હાથ પદ્મરાગમણિ જેવા હોવાના કારણે સ્ત્રીઓ રત્ન સ્વરુપ છે. એ રત્નને સાચવવાની જવાબદારી પુરુષની છે. કોઈએ કહ્યું છે : સ્ત્રીએ બ્રહ્માની ગમી જાય એવી ભુલ છે. એ ભુલ જ જગતજનની છે. મનુએ કહ્યું છે : સુયોગ્ય પત્ની પરિવારની શોભા અને ગૃહની લક્ષ્મી છે.એનામાં શું હોય છે ? એ શું કરી શકે છે ? વાલ્મીકી રામાયણ(૩-૧૩-૬)માં કહ્યું છે : સ્ત્રીઓ વિદ્યુતની ચપળતા, શસ્ત્રોની તીક્ષ્ણતા તથા ગરુડ એટલે કે વાયુની તીવ્ર ગતિનું અનુસરણ કરે છે.ધારે તે કરી શકવાની એનામાં ક્ષમતા છે.એ માત્ર પત્ની,દીકરી, માં, પ્રેમિકા, કે મિત્ર જ નથી, તે ઘણું બધું છે.વાલ્મીકી રામાયણ(૩-૪૫-૨૮)માં કહ્યું છે : સામાન્ય રીતે સ્ત્રીઓ વિનય વગેરે ધર્મો વિનાની,ચંચળ,કઠોર તથા ઘરમાં ઝટપટ કરનાર છે.એથી વધારે વિગત તો વાલ્મિકીએ પોતાના રામાયણમાં એના શ્લોકોમાં સ્ત્રીઓ વિશે કહ્યું છે: સ્ત્રીઓ માટે ન ઘર, ન ચાદરનો ઘુંઘટ,ન પડદાની ચાર દિવાલો,ન ચકચકિત પડદા ન એવા પ્રકારના રાજસત્કાર જ આડ કરવાવાળા છે.સ્વજનોનો વિયોગ થવા છતાં, યુધ્ધભુમિમાં, સ્વયંવર સભા,.યજ્ઞશાળા એ લગ્નમાં લોકોની સામે ઘુંઘટ સિવાય આવવું કોઈ દોષ નથી. ઉઘાડા મોએ આવા સમયે આવવા માં કોઈ વાંધો હોઈ શકે જ નહી.તો એમાં બીજી જગ્યાએ કહ્યું છે : શું તમે તમારી સ્ત્રીઓને સંતોષ આપો છો ? શું તે તમારા દ્વારા સુરક્ષિત છે ? તમે એમના ઉપર વધારે વિશ્વાસ તો કરતા નથી કે ? તમારી ખાનગી વાત એને કહી દેતા નથી ને ?

સ્ત્રી -સ્ત્રી(સં)બૈરી(૨)પત્ની(૩) નામ પુર્વે આવતા સ્ત્રી વાચક નારી જાતિ બનાવે છે. દા.ત. સ્ત્રી કવિ,સ્ત્રી પ્રમુખ વગેરે. મનુએ કહ્યું છે : જ્યાં સ્ત્રીઓનું સન્માન થાય છે ત્યાં દેવો પ્રસન્ન થાય છે.આપણે સ્ત્રીનું સન્માન કરીએ છીએ એનો અર્થ એ થાય છે કે આપણે માતૃત્વને વંદીએ છીએ. સ્ત્રીએ શું કરવું જોઈએ ? ધર્માંમૃત(૧૨-૨૮)માં કહ્યું છે : કુલીન સ્ત્રીઓએ સદાય પોતાના પતિના મનને અનુકુળ વ્યવહાર કરવો જોઈએ,કારણકે પતિવ્રતા સ્ત્રીઓ ધર્મ,લક્ષ્મી,સુખ અને યશની એકમાત્ર ધ્વજા હોય છે.ઘરની ઈજ્જત, આબરુ,માન-મોભો જે કાંઈ છે તે સ્ત્રી છે.સ્ત્રી જ કુળને તારી શકે અને ડુબાડી શકે છે. જે ઘરમાં કુળવાન સ્ત્રી હોય એ ઘરમાં સદાય શાંતિ અને આનંદ હોય છે.સ્ત્રી તો કુટુંબનું નાક છે.હસતા મુખે કોઈને આવકાર આપવો, અતિથિનો સત્કાર કરીને એની સગવડ સાચવવી, ગુણવાન સ્ત્રી એ અનેક પેઢીઓ તારી શકે છે. ચાણક્યશતકમ(૯૦)માં કહ્યું છે : કિસાન માટે હંમેશા સુકાળ છે અને નિરોગી સદા સુખી છે. જેના ઘરમાં પ્રેમાળ સ્ત્રી છે એના ઘરમાં સદાય ઉત્સવ જ છે. પ્રેમ તો જગતનો શ્વાસ છે. પ્રેમાળ પત્ની એ ઘરનો દીપક છે. પ્રેમાળ સ્ત્રી તો ધુપસળી જેવી છે.જે પોતે બળીને બીજાને સુગંધ આપે છે.સ્કન્ધપુરાણ(૫૯-૨૭)માં કહ્યું છે : નિમ્ન કુળમાં જન્મેલી ભક્તિવાન સ્ત્રી જો ભક્તિમાં પુત્રની જનની હોય તો તે કુલી છે એવું હું કહું છુ. આ બધી બાબતો જ્યારે કુળભેદ હતા ત્યારની છે.સમયના પરિવર્તનની સાથે સાથે સમાજ-જીવનમાં પણ પરિવર્તન આવતું રહે છે.પણ આપણા શાસ્ત્રો-પુરાણોમાં જે બાબતો જણાવેલી છે એને સમજવાની જરુર છે.એટલા માટે આપણે તે જોઈએ છીએ.યુગોથી સ્ત્રી એ જનેતા છે અને યુગો પછી પણ જનેતા જ રહેવાની છે. એનું માન-સન્માન એજ ભાવથી થવું જોઈએ. આપણે કહીએ છીએ કે સ્ત્રીના કારણેજ ઘર ઉજળું રહે છે.શુક્રનીતિ(૧-૧૧૪)માં કહ્યું છે : સ્ત્રીઓમાં જે આસક્તિ રાખતા નથી એમના માટે તે સુખદાયક હોય છે.કારણકે ઘરના કામમાં સ્ત્રી સિવાય બીજું કોઈ સહાયક બની શકતું નથી. ઘરની નાર જો કભારજા હોય તો એ ઘર તરફ કોણ ફરકે ?જ્યાં આવકાર ન મળતો હોય, પ્રેમથી કોઈ બોલાવનાર ન હોય , એ ઘેર કોઈ જાય ખરુ ?

આમ છતાં સ્ત્રીનું મન કોઈ કળી શકતું નથી.આપણે કહીએ છીએ કે બાળક કોનું છે એ મા સિવાય કોણ જાણે ?અગ્નિની જ્વાળાઓને વશમાં કરી શકાય છે.પવનને પણ પકડી શકાય છે. છંછેડાયેલા સાપને પણ વશમાં કરી શકાય છે.પણ કામિનીઓ(સ્ત્રીઓ)નું મન વશમાં કરી શકાતું નથી.જો કે દરેકનું મન તો ચંચળ જ છે. મનને કોઈ સિધ્ધ યોગી જ વશમાં કરી શકતા હોય છે. છતાં પુરુષના મનને વાંચી શકાય છે.એવું માનવાાં આવે છે.સ્ત્રીઓ જેની સાથે રહેતી હોય,જે ઘર વાતાવરણાં જીવતી હોય, એ પ્રમાણેજ જીવવાનો પ્રયત્ન કરતી હોય છે.

ડૉ કિશોરસિંહ સોલંકી,
(સૌ. સંદેશ)

## જાણવા જેવું !

વીડીયો ટેપ અને વીડીયોરેકોર્ડર ની શોધ ૧૯૫૬મા થઈ હતી.
મનુષ્યના ફેફસામાં ૩૦૦ અરબ જેટલી રક્તવાહીનીઓ છે.
ટોમ સોયરે નવલકથા લખવા માટે પહેલીવાર ટાઈપરાઈટર નો ઉપયોગ કર્યો હતો.

સોલિડ કાર્બન ડાયોકસાઈડને ડ્રાય આઈસ તરીકે ઓળખવા માં આવે છે.તે જ્યારે વાતાવરણ ની ગરમીમાં આવે છે ત્યારે તે પીગળતો નથી પરંતુ હવામાં ઉડી જાય છે.
૧૮૬૮માં બ્રિટીશરેલ રોડ સિગ્નલ એન્જીનીયર જે.પી.નાઈટે ટ્રાફિક સિગ્નલની શોધ કરી હતી.
માડાગાસ્કર ટાપુ પર જોવા મળતા ટેનરેક નામના ઉંદર ૮ થી ૩૮ સેમીની લંબાઈ ધરાવે છે.


## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-૦૭૯ ૬૫૨૧૪૭૫૬


# સારા રસ્તાઓ જોઈતા હોય તો જીંદગીભર તમારે ટોલ ટેક્ષતો ભરવો પડશે : નીતિન ગડકરી



કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરીએ લોકસભામાં એક સવાલનો જવાબ આપતાં કહ્યુ હતું કે જો લોકોને સારા રસ્તા જોઈતા હોય તો તેમણે જીંદગીભર ટોલટેક્ષ ભરવો પડશે.તેમણે સ્પષ્ટતા કરી છે કે ટોલ સિસ્ટમ જારી રહેશે કેમકે સરકાર પાસે પુરતું ભંડોળ નથી. લોકસભામાં રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલય પાસેથી ગ્રાન્ટની માંગણી માટે થયેલી ચર્ચા દરમિયાન તેમણે કહ્યુ હતું કે છેલ્લા પાંચ વર્ષમાં સરકારે ૪૦હજાર કી.મી.ના હાઈવે બનાવ્યા છે.

દેશના વિવિધ રાજ્યોમાં ટોલ લેવાને લઈને કેટલાક સભ્યોએ ચિંતા વ્યક્ત કરી હતી અને તેના જવાબમાં ગડકરીએ કહ્યુ હતું કે ટોલ એવા વિસ્તારોમાં લેવામાં આવે છે જ્યાં લોકો તેને ભરવા માટે સક્ષમ હોય છે અને તેઓ તે રુપીયાથી ગામડાં અને પર્વતીય વિસ્તારોમાં રોડ બનાવવામાં આવે છે. ગડકરીએ કહ્યુ હતું કે ટોલ ઓછો-વધુ થઈ શકે છે.પરંતુ સંપુર્ણ પણં બંધ થઈ શકે નહીં. ટોલનો જન્મદાતા હું છું. જો લોકો સારી સેવાઓ ઈચ્છતાહોય તો તેમણે તેના માટે રુપીયા પણ ચુકવવા પડશે. સરકાર પાસે રુપીયા નથી.

રોડ બનાવવાના પ્રોજેક્ટ માટે જમીન સંપાદન સૌથી મોટી સમસ્યા છે.તેમ જણાવતાં ગડકરીએ રાજ્ય સરકારોને અપીલ કરી છે કે તેઓ આ સમસ્યાનો ઉકેલ લાવે અને કંઈક રસ્તો શોધવામાં મદદ કરે. બંગાળ અને બિહારમાં જમીન સંપાદન કરવાની પ્રક્રિયા ઘણી ધીમી છે.૨૦૧૪માં જયારે મે આ મંત્રાલયનો કાર્યભાર સંભાળ્યો ત્યારે ૩.૮૫ લાખ કરોડના ૪૦૦થી વધુ પ્રોજેક્ટ બંધ હતા તેમ જણાવતાં તેમણે કહ્યુ હતું કે મોદી સરકારે છેલ્લા પાંચ વર્ષમાં ૩ લાખ કરોડની એનપીએ બચાવી છે.અને તેનો ઉપયોગ આ પ્રોજેક્ટ માટે કર્યો છે.મોદી સરકાર પ્રથમ વખત સત્તામાં આવી ત્યારે ૩.૮૫ લાખ કરોડ રુપીયાના ૪૦૩ પ્રોજેક્ટ પડી રહ્યા હતા.

માદા કાચબો ૧૦૦૦ બચ્ચાઓને જન્મ આપે છે. પરંતુ કમનસીબે આ ૧૦૦૦ બચ્ચામાંથી ફક્ત ૧ બચ્ચું જ જીવીત રહે છે.પ્રાગેતિહાસિક કાળમાં કાચબાઓનું વજન ૫ હજાર પાઉન્ડ જેટલું હતું.
ડોલ્ફીન સાઈઠ કી.મી. પ્રતી કલાકની ઝડપે તરી શકે છે.
ગોકળગાય સતત ત્રણ વર્ષ સુધી ઉંઘી શકે છે.
ડુક્કર ક્યારેય આકાશ તરફ નથી જોઈ શકતા.
સાપની રોગપ્રતિકારક શક્તિ તેના ઝેરમાં રહેલી હોય છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧
**જય ક્રિશ્ચિયન** મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**
પી.જી.યોગા,ડીએચએમએસ
**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**
એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦
**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**
આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી
સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## શહેરોમાં ખાનગી જમીનો પરની ઝુંપડપટ્ટી હટાવીને રિ-ડેવલપમેન્ટની સ્કીમ મુકવાની યોજનાને સરકારની મંજુરી

ગુજરાતના શહેરોમાં ખાનગી જમીનો પર બંધાયેલ ઝુપડપટ્ટીઓનું રિ-ડેવલપમેન્ટ કરવાની યોજનાને રાજ્યના મંત્રીમંડળની બેઠકમાં મંજુરી અપાઇ છે. આ યોજના ઘણા સમયથી પડતર હતી. જેનો નિકાલ થતાં ઝુંપડપટ્ટીમાં રહેતા લોકોને રહેણાંક ફલેટ મળશે અને રિ-ડેવલપમેન્ટ કરનાર બિલ્ડરને ઉની એફએસઆઇ મળવાથી સદર જગ્યાઓનો કોમર્શીયલ ઉપયોગ પણ થશે. આ અગાઉ રાજ્ય સરકારે સરકારી જમીન ઉપરની ઝુંપડપટ્ટીનું રિ-ડેવલપમેન્ટ કરવાની યોજના મંજુર કરેલી છે. ખાનગી જમીનો ઉપરની ઝુંપડપટ્ટી રિડેવલપમેન્ટ યોજના-૨૦૧૯ નામક મંજુરી થયેલી આ નવી નીતિ હેઠળ જેઓ નોટીફાઇડ ઝુંપડપટ્ટી વિસ્તારમાં પહેલી ડિસેમ્બર ૨૦૧૦પહેલાં રહેતા હશે તે લોકોને રિડેવલપમેન્ટનો લાભ મળશે. મ્યુની કોર્પો. વિસ્તારમાં મ્યુ.કમિશ્નરના વડપણ હેઠળની સમિતિ આવા રિડેવલપમેન્ટ સ્કીમને મંજુરી આપશે. અથવા સ્કીમ ફગાવી દેશે. આ યોજના વાસ્તવમાં ઘણી જુની છે અને ક્યા શહેરી વિસ્તારમાં ક્યાં ઝુપડપટ્ટી આવેલી છે તેની વિગતો શહેરી વિકાસ વિભાગ પાસે ઉપલબ્ધ હોવા છતાં સ્થાનિક સત્તા મંડળોને નવેસરથી વિગતો આપવાનું કહેવામાં આવ્યું છે.સુત્રો એવું કહે છે કે ઝુપડપટ્ટીના સ્થાને હાઇરાઇઝ ફલેટની સ્કીમ અસ્તિત્વમાં આવતાં સમગ્ર વિસ્તારની કાયાપલટ થશે. અને ખાનગી જમીનના માલિકને જમીનના વિકાસ માટે વધુ પ્રમાણમાં જમીન ઉપલબ્ધ થશે. સુત્રો કહે છે કે અમદાવાદ,સુરત,રાજકોટ,વડોદરા જેવા મહાનગરોમાં મોટા પ્રમાણમાં ખાનગી જમીનો ઉપર ઝુંપડપટ્ટીના રુપમાં દબાણ થયેલું છે તેથી આવી જમીનો પર રિડેવલપમેન્ટ કરવા માટે નવી પોલીસી બનાવવામાં આવે એવી સંખ્યાબંધ રજુઆતોને પગલે આ નવી યોજના જાહેર થઇ છે.

## ધાર્મિક નારાની આડમાં હિંસા કરનારા સામે કાર્યવાહી જરુરી : માયાવતી

બહુજન સમાજવાદી પાર્ટીના પ્રમુખ માયાવતીએ બળજબરીથી ધાર્મિક નારો લગાવવા અને એના નામે થતી અત્યાચારની ઘટનાની આકરા શબ્દોમાં નિંદા કરી છે.બીએસપી નેતા માયાવતીએ કહ્યુ કે આ પ્રકારની બળજબરી કરનારા લોકો સામે સરકારે કાર્યવાહી કરવી જોઇએ.માયાવતીએ ટ્વિટ કરીને કહ્યુ કે ઉત્તરપ્રદેશ સહિત કેટલાક રાજ્યોમાં ધાર્મિક નારા લગાવવા દબાણ કરવું અને એના આધારે જુલમો કરવાની એક નવી પ્રથા શરુ થઇ ગઇ છે. જે અત્યંત નિંદનીય છે.કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારે આ હિંસક પ્રવૃત્તિના વિરુધ્ધમાં સખ્ત વલણ અપનાવવાની જરુર છે. જેથી ભાઇચારો અને સદભાવના કાયમ રહે અને વિકાસની પ્રક્રિયા પ્રભાવિત થાય નહીં. બાગપત જિલ્લાના દોઘટ વિસ્તારમાં એક મસ્જીદના ઇમામ સાથે કેટલાક યુવકોએ કથિત રીતે મારપીટ કરીને એમની દાઢી ખેચીને તેમને જયશ્રી રામ બોલવા દબાણ કર્યુ હતું.જો કે પોલીસ આ માટે મારપીટની કાર્યવાહીનો કેસ નોધ્યો છે. છેલ્લા કેટલાક સમયથી બનતા મોબલીચીંગ બનાવો ચિંતાજનક છે


### ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


## કોંગ્રેસના દિગ્ગજ નેતા અને દિલ્હીના ત્રણ વખત મુખ્યમંત્રી રહી ચુકેલા શીલા દિક્ષીતનું હ્રદયરોગના હુમલાથી અવસાન

દેશની રાજધાની દિલ્હીને ડેવલપ કરવા માટે જાણીતા બનેલા શીલા દિક્ષિત કોંગ્રેસના દિગ્ગજ નેતા અને દિલ્હીના મુખ્યમંત્રી તરીકે જેમની હાક વાગતી તેમનો જીવનદીપ બુઝાઇ ગયો હતો. એક ખાનગી હોસ્પીટલમાં હ્દયરોગના હુમલાથી તેમનું અવસાન થયું હતુ .તેઓ ૮૧ વર્ષના હતા.દિલ્હી કોંગ્રેસના અધ્યક્ષપદે રહેલા શીલા દિક્ષિત સૌથી વધુ વખત ૧૫ વર્ષ સુધી દિલ્હીના મુખ્યમંત્રી રહેવાનો વિક્રમ ધરાવે છે.વડાપ્રધાન મોદી, સોનિયા ગાંધી વગેરે સ્વર્ગસ્થના નિવાસે જઇને શ્રધ્ધાંજલી આપી હતી.

દેશના ટોચના રાજકારણીઓએ તેમના નિધનથી દેશે એક મહાન વ્યક્તિની ખોટનું વર્ણન કર્યુ હતું.તેઓ તમામ પક્ષોમાં સન્માન ધરાવતા હતા.

દિલ્હીના મુખ્યમંત્રી રહી ચુકેલા શીલા દિક્ષિતના નિધન વિશે જાણી પોતાનો શોકસંદેશામાં રાષ્ટ્રપતિએ જણાવ્યુ હતું કે તેઓ એક વરિષ્ઠ નેતા હતા.તેઓ મુખ્યમંત્રી પદે રહ્યા ત્યારે દેશની રાજધાનીની કાયાપલટ થઇ હતી. જેના માટે તેઓ હંમેશા યાદ રહેશે.વડાપ્રધાને જણાવ્યુ હતું કે તેઓ સહ્રદયી વ્યક્તિ હતા અને તેમણે દિલ્હીના વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપ્યુ હતું. તેમના પરિવારજનો અને સમર્થકોને મારી



સંવેદના પાઠવું છું.

પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહે કહ્યુ હતું કે દિલ્હીના વિકાસમાં તેમના યોગદાન બદલ લોકો તેમને યાદ રાખશે.

## ઇરાને જપ્ત કરેલા બ્રિટિશ ઓઇલ ટેન્કરને મુક્ત કરવાનો ઇન્કાર : ભારતીય કપ્તાન અને ૧૭ નાગરિકોને મુક્ત કરવા ભારતની અપીલ

ઈરાને જપ્ત કરેલા બ્રિટિશ ઓઈલ ટેન્કરને મુક્ત કરવાનો ઈન્કાર કરી દેતાં ખાડીમાં સંકટ ઘેરુ બન્યું છે.બ્રિટન,અમેરિકા સાથે હવે નાટો દેશોએ પણ ઈરાનને બ્રિટિશ ઓઈલ ટેન્કર મુક્ત કરી દેવાની ચેતવણી આપી છે. પરંતુ ઈરાને સ્પષ્ટ ક્હ્યુ હતું કે હોર્મુઝની ખાડીમાં બ્રિટીશ ઓઈલ ટેન્કર ઈરાનની એક ફીશીંગ બોટ સાથે ટકરાયું હતું તેના કારણે તેને જપ્ત કરાયું છે. પરંતુ બ્રિટને ઈરાનના આ અકસ્માતના કારણને નકારી કાઢ્યું હતું.

ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડના પ્રવક્તા બ્રિગેડીયર જનરલ રામેઝાન શરીફે જણાવ્યુ હતું કે તહેરાને બ્રિટિશ ઓઈલ ટેન્કરને એસ્કોર્ટ કરી રહેલા બ્રિટિશ યુધ્ધ જહાજના વિરોધ અને હસ્તક્ષેપ છતાં હોર્મુઝની ખાડીમાંથી બ્રિટીશ ઓઈલ ટેન્કરને જપ્ત કરવામાં સફળતા મેળવી હતી.

ઈરાનની ફાર્સ ન્યુઝ એજન્સીએ જણાવ્યુ હતું કે હોર્મુઝની ખાડીમાં ઈરાનની ફીશીંગ બોટ ડિસ્ટ્રેસના કોલ આપી રહી હોવા છતાં તેને અવગણીને બ્રિટિશ ઓઈલ ટેન્કર ઈરાનની ફીશીંગ બોટ સાથે ટકરાયું હતું. તેના કારણે રિવોલ્યુશરી ગાર્ડ સ્ટેના ઈમ્પેરો નામના આ ટેન્કરને કબજામાં લીધું હતું.ટેન્કરને ઈરાનના બંદર અબ્બાસ ખાતે લઈ જવાયું હતું.

બ્રિટિશ ઓઈલ ટેન્કરને ઈરાને જપ્ત કરતાં ખાડીમાં રાજકીય યુધ્ધ ચરમસીમાં પર પહોચ્યું છે. યુધ્ધનો ખતરો મંડરાઈ રહ્યો છે. ટ્રમ્પ શું પગલાં લે છે તેના પર આધાર છે.


### કાર ભાડે મળશે



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**





### ★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

*નીલા સી.ગામડીયા*

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨



### ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ

**એ.એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.